## જન્મદિને વધામણી



જતીન દવે
મો. ૮૩૪૭૫ ૫૫૪૨૬



અશ્વિનભાઈ વી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨



વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩



શરદ જે વઘાસીયા



કિંજલબેન વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭

# કામધેનૂ યુનિવર્સિટી દ્વારા નવા રાજપુર ખાતે રવિવારે પશુપાલન પોલીટેકનીકનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૫

કામધેનૂ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નવા રાજપુર, હિંમતનગર કેમ્પસ ખાતે પશુપાલન પોલીટેકનીકનું લોકાર્પણ તેમજ ગૌશાળા અને વિદ્યાર્થી છાત્રાલયના ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૨૮ મે ને રવિવારના રોજ સવારે ૯ કલાકે યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યામ મંત્રી રાધામોહન સિંહ, પંચાયતી રાજ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, ગુજરાતના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી ચીમનભાઈ સાપરિયા, પાણી પુરવઠા, પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયા,, સાબરકાંઠાના પ્રભારી મંત્રી, વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડિયા ઉપસ્થિત રહી ખેડૂતો, પશુપાલકોને માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અને સાબર ડેરી, હિંમતનગરનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

આ કાર્યક્રમમાં તમામ જાહેરજનતાને પધારવા કામધેનૂ યુનિવર્સિટી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ ખેડૂતો અને પશુપાલકો માટે વધુ ઉપયોગી હોઈ ગુજરાતના ખેડૂતો અને પશુપાલકો તેમાં વધુ સંખ્યામાં જોડાય એવી આગ્રહભરી વિનંતી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે.

# નગરની સમાજસંવેદી યુવતી દ્વારા વિશિષ્ટો સાથે જન્મદિન ઉજવણી



જેસીઆઈ, ગાંધીનગર પરિવારે જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધીના ૩૮મા જન્મદિનની ઉજવણી માનવસ્મૃતિ સંસ્થાના માનસિક વિશિષ્ટ ૨૨ બાળકોની સાથે કેક કાપીને અને નાસ્તો વહેંચીને અનોખી રીતે કરી હતી. જેસીસની વ્યક્તિ વિકાસની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિ અને ખાસ કરીને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનો લાભ આ બાળકોને આપવાની પણ તેમણે જાહેરાત કરી હતી. આ ઉજવણીમાં પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી તેમજ જેસીરેટ કુસુમ ગાંધી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સંપન્ન કરવામાં જેસી હિતેશ પરમાર, તેજસ ગાંધી, ડૉ. પારૂલ પટેલ, અવની ગાંધી, પ્રતીક પટેલ અને સંકેત ગોર દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

માપીએ
એનું નામ માગણી
અને આપીએ
એનું નામ લાગણી
- નાદિયા હિમાની

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સચિન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન
(૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧.૩૦
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન
(૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે એન્ડ યુઝ
(ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦
હિન્દી મીડિયમ
૭.૦૦
હાફ ગર્લફ્રેન્ડ
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૪૫, ૬.૪૫
બાહુબલિ-૨
૩.૩૦, ૯.૩૦
સચિન
સવારે ૧૦.૦૦

# ‘નીટ’ના પરિણામ પર રોક માટે રિટ પિટિશન દાખલ

ગાંધીનગર, તા. ૨૫

MBBS અથવા BDSના કોર્સમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ ફરીથી યોજવા અને હાલમાં લેવાયેલી તેની પરીક્ષાના પરિણામ પર રોક લગાવવાની માગ સાથે હાઈકોર્ટ સામે એક અરજન્ટ રિટ પિટિશન દાખલ કરવામાં આવી છે. ગુજરાતી ભાષામાં પરીક્ષા આપનારા ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષામાં તેમની સાથે અન્યાય થયો હોવાથી તેમના બંધારણીય અધિકારોનું હનન થયું હોવાની રજૂઆત કરવામાં આવી છે. આ રિટ પરની સુનાવણી હાઈકોર્ટ સમક્ષ શુક્રવારે થાય એવી શક્યતા છે. NEETની પરીક્ષા માટે ‘એક રાષ્ટ્ર, એક પરીક્ષા અને એક મેરિટ’નો નિયમ લાગૂ પડે છે. પરંતુ વર્ષ ૨૦૧૭માં મેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટે લેવાયેલી NEETની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રો જુદાજુદા કાઢવામાં આવ્યા હતા. ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે તેમનું પેપર અંગ્રેજી ભાષાના પેપર કરતા અઘરું કાઢવામાં આવ્યુંહતું અને તેથી તેમની સાથે અન્યાય થયો છે.





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરીમાં ૩૦ લાભાર્થી તથા વાંટડામાં ૪૦ લાભાર્થીઓને મમરા, ચોખા, છાશ, મીઠા સાથે તેલ, મગ, ગોળ, ચ્હા, સાબુ, બિસ્કીટ વગેરેનું દાન કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રત્યેકનો શક્તિનું ટૉનિક, તાવ માટે પેરાસિટામોલ ટેબલેટ, કેલ્શિયમ માટેની દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા વતી પ્લક્ષા, મૈત્રી, જયેષ્ઠા, અતુલ પંડ્યા, મીનાબેન, મિલિન્દભાઈ તથા યોગેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# સ્મિત ફાઉન્ડેશન દ્વારા પગરખાંનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૫

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે એસ. જી. હાઈવે, પકવાન ચાર રસ્તા, જજીસ બંગલો, માનસી સર્કલ, રામદેવ નગર, ઈસ્કોન મંદિર, પ્રહલાદ નગર ખાતે જરૂરિયાતમંદો માટે ચપ્પલ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.


સંસ્થાએ વિચાર કર્યો હતો કે આપણા સમાજમાં ગરીબો ની સંખ્યામાં વધારો થતો જાય છે. જે ગરીબ છે તે વધારે ગરીબ અને જે રૂપિયાવાળા છે તે વધારે રૂપિયા વાળા બનતા જાય છે પણ જે લોકો સમુદાયમાં જ નથી એવા લોકોનું શું ? જે ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવે એમનું શું? જે લોકો રસ્તા ઉપર સૂવે છે તેમનું શું ? જે ગરમીમાં ૪૩ ડીગ્રી સુધીના બળબળતા તાપમાં ખુલ્લા પગે ભીખ માંગે છે અને એક રૂપિયા માટે આજીજી કરે છે આવા લોકો નું શું ? આવા લોકોની મદદ માટે સંસ્થાની ટીમ દ્વારા ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરમાં એવા લોકો પણ છે જે પોતાનું જીવન જીવવા માટે કચરો વીણીને પણ પોતાનું ગુજરાન ચલાવે છે. આવા લોકો ઉપરાંત રસ્તા ઉપર એકલા રહેતાં વૃધ્ધ લોકો, બાળકો, સ્ત્રીઓ મળીને કુલ ૧૦૦થી પણ વધારે લોકોને ચપ્પલ આપીને આ સેવાભાવી નાગરિકોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# મંદ આર્થિક માહોલમાં પ્રકાશમાન દીવડો : સૌ માટે ઘર

જીવનની પ્રાથમિક જરૂરિયાતોમાં રોટી, કપડાં અને મકાન આ ત્રણ માટે નાગરિકો અવિરત સંઘર્ષ કરતા જ હોય છે. કારણ કે ભૂખ્યાં રહીને જીવી શકાતું નથી, તો કપડાં જરૂરી બને છે કારણ કે આપણે સમાજનો હિસ્સો છીએ કે જે એવું માને છે કે એક નૂર આદમી, હજાર નૂર કપડાં... અને મકાન એ બધાં જ વિકાસ, પ્રગતિ, આયોજનને જન્મ આપનાર એક આવશ્યક આશ્રયસ્થાન છે. ઘરનું મકાન હોય એ પ્રત્યેક વ્યક્તિનું એક વણકહ્યું સ્વપ્ન હોય છે. મકાન એટલે રહેણાંક, નિવાસ અને ઈંટ-ચૂનાથી બનેલું કે માટીથી બનેલું હોય કે ઝૂંપડપટ્ટીની સ્થિતિનું કોઈ આશ્રયસ્થાન પણ હોય. દરેક ઋતુ અને દિવસે જ્યાં પરિવારની પાસેથી સંવેદના, સ્નેહ અને સહાનુભૂતિ પ્રાપ્ત થતી રહે એ ઘર વાસ્તવમાં મકાન ના રહેતાતં ઘર બની જાય છે. રહેણાંક રણ બની જાય અને ક્યારેક સંઘર્ષમાં ઝઝૂમવા માટે પોતીકું આવરણ પણ બની જાય એ ઘર ઈશ્વરને પણ ગમી જાય છે. ઘરની પાસે વેદના, વ્યથા, કથા, અહેસાસ, પ્યાર, નફરત વગેરે અવશ્ય હોય છે પણ પ્રાથમિક દષ્ટિએ એ કોઈ જોઈ શકતું નથી. ઘર એ તમામ વૈચારિક પ્રક્રિયાને જન્મ આપતું રહે છે અને ઘરથી હારેલા માનવીને ક્યાંય શાંતિ કે સુખ કદી મળી શકતાં નથી એ કડવી વાત સ્વીકારવી જ રહી. ઘરની દિવાલોને કાન જ નથી હોતા, એમાં સંવેદનાઓ પણ હોય છે અને એ બધુંજ સાક્ષીભાવથી મૂક પ્રેક્ષકની જેમ પારિવારીક ઘટનાઓને જોયા કરે છે.

હાલની રાષ્ટ્રીય આર્થિક સ્થિતિ અસમતોલ થઈ છે કારણ કે નોટબંધી બાદ બધાં જ ક્ષેત્રમાં ગાડી પાટા ઉપરથી નીચે ઊતરી ગઈ છે. ઉત્પાદન ક્ષેત્રમાં મામૂલી સુધારાણા થઈ છે અને કૃષિક્ષેત્રમાં પ્રશ્નો ઉકલતા નથી. આ ઉપરાંત સેવાકીય ક્ષેત્રમાં મંદીની હાલત છે. આ સ્થિતિમાં બધી જ બેન્કો મોટાં ધિરાણ કરવામાં અંદરથી ડરે છે કેમ કે હવે એનપીએ વધે તો





**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાલાકી બેકાબૂ થઈ જાય તેમ છે. પ્રવર્તમાન શાસક ૨૦૨૨ સુધીમાં દરેકને પોતાના ઘરનું ઘર આપવા પ્રતિબદ્ધ છે.

સરકારનું લક્ષ્ય છે કે અર્બન એરિયામાં બે કરોડ તથા ગ્રામ વિસ્તારોમાં ચાર કરોડ રહેણાંકનાં મકાન ૨૦૨૨ સુધીમાં તૈયાર કરવાં જેના માટે પ્રધાનમંત્રી આવાસ યોજના બનાવવામાં આવી છે. આ મકાનના ખર્ચમાં વ્યાજની રકમ પેટે સબસિડી ત્રણ ટકાથી લઈને ૬.૫૦ ટકા સુધી મળશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. જો કોઈ હાઉસિંગ લોન આ યોજના નીચે મેળવે તો પ્રોસેસિંગ ચાર્જ શૂન્ય રહેશે. નેશનલ હાઉસિંગ બોર્ડ નોડલ એજન્સી તરીકે કામ કરશે. એફોર્ડેબલ હાઉસિંગ - અને ક્રેડિટ લિન્કડ સબસિડી તેમાં મુખ્ય ચાલકબળ રહેશે. આ વાત થઈ તે પોલિસી સંલગ્ન સરકારની રૂપરેખા છે. બીજી તરફ વાસ્તવિકતા એવી છે કે શહેરો તરફ લોકોની દોડ શરૂ છે, તેઓને જોબ માટે ધંધા માટે શહેરોમાં રહેવું છે એટલે રિયલ એસ્ટેટના બધા જ મહારથીઓ હાલની પરિસ્થિતિમાં પોતાનો ધંધો વિસ્તારવા આતુર છે. પરંતુ લોકો પાસે બચતો નથી, નાણાંકીય સક્ષમતા નથી એટલે બેન્કોને આ સલામત ધિરાણમાં પડવામાં રસ છે. અર્થાત બેન્કો હાઉસિંગ લોન આપવામાં ઉદાર વલણ ધરાવે છે. અને સરકાર પોતાનું ધ્યેય પાર પાડવા પોતાની યોજનાને આગલ લઈ જઈ રહી છે. ત્રીજી વાત એ છે કે મકાન બનાવવા છે, લોકોને મદદનો ઉપયોગ કરવો છે એટલે હવે ક્વોલિટી સાથે અસહ્ય ખિલવાડ થઈ રહ્યો છે, જેનો ખ્યાલ હાલમાં નહીં પણ કુદરતી આપદા યા ભૂકંપ વેળાએ જ આવે તેમ છે. રેતીના ઘર દરિયા કિનારે બાળ મનોરંજનનું સાધન હોય છે.

પરંતુ મેગા સિટીના પક્ષીના માળા જેવા માળાખાં ઝડપથી જે રીતે બની રહ્યાં છે તેમાં સલામતીના માપદંડો અંગે કોણ શું ચેક-તપાસ કરે છે એ તો ઈશ્વર જ જાણે અથવા ડેવલપર્સ જાણે, પ્રજાને કશી જ ખબર હોતી નથી. જરૂરત છે કે નવા નિયમો મુજબ મકાન સુરક્ષિત માપદંડ મુજબ નિયત સમય અવધિમાં તૈયાર થાય તો આ ઘરનું ઘર બધી જ રીતે પ્રજાની સુખશાંતિમાં વૃધ્ધિ અવશ્ય કરશે કારણ કે અંધારી રાત્રીમાં દીવડાનો પ્રકાશ મનને ભયથી મુક્ત કરી જાય છે તેવી જ રીતે અત્યારના યુગમાં શહેરોમાં ઘર પોતાનું હોય એ બહુ જ સુંદર અનુભૂતિ ગણી શકાય. આ ક્ષેત્રમાં કેટલીક સાવધાની રાખવાની જરૂરિયાત છે. જેમ કે જમીન બધી જ રીતે યોગ્ય હોય, જગ્યા કાનૂની દૃષ્ટિએ ચોખ્ખી હોય, બાંધકામમાં આ યોજના તો સરકારની છે માટે લોટપાણી ને લાડવાનો કોઈ નિયમ અમલી ના બને તેની ખાતરી કરવામાં આવે અને બધી જ બેન્કો મકાનની લોન પરત્વે હકારાત્મક વલણ ધરાવે છે એટલે ભારતના પરિવારોને પોતીકા ઘરમાં રહેવાનું સ્વપ્ન હાંસલ કરી શકે તેમ છે. ફ્લેટ્સ શૈલીમાં બિલ્ડર્સની ભૂમિકા બહુ જ મોટી હોવા છતાં ગંભીરતા નથી તે માટે ગૂડ ગવર્નન્સ સાકાર કરવામાં આવશે તો જનહિતનાં કાર્યોની પ્રજા જરૂર નોંધ લેશે. જનહિત એટલે પ્રજાની ચિંતા પ્રશાસન કરે જેની નોંધ સરળતાથી બધા લઈ શકે.

**શેર આસ્વાદ**

ઘર સુધી તું આવવાની જીદ ન કર, ઘર નથી નહીંતર હું ના પાડું તને ?.....ખલીલ ધનતેજવી

# શુક્રવારે રતિલાલ બોરીસાગર ભદ્રંભદ્રનો રસાસ્વાદ કરાવશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે ‘‘માતૃભાષા અભિયાન’’ વિવિધ પ્રકલ્પો ચલાવે છે. જેમાંનો એક પ્રકલ્પ ‘પરસ્પર’ (આસ્વાદલક્ષી વાર્તાલાપો) છે. જેમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને અન્ય લલિત કલાઓ પ્રત્યે પ્રેમ જાગે અને તેના પ્રત્યે રૂચી કેળવાય તે હેતુથી, ખ્યાતનામ કલામર્મજ્ઞોને અને સાહિત્યકારોને આમંત્રીને તેમની સાથે સાહિત્યની ઉત્કૃષ્ટ કૃતિઓનું વાંચન-પઠન, વાચિકમ અને વાર્તાલાપનું આયોજન કરવામાં આવે છે. તા.૨૬/૦૫/૨૦૧૭ના રોજ સત્ય ગેલેરી, નવજીવન પ્રેસ ખાતે સાંજે ૫.૩૦ કલાકે, જાણીતા સાહિત્યકાર રતિલાલ બોરીસાગર ‘એક આસ્વાદ’ શીર્ષક અંતર્ગત રમણભાઈ નીલકંઠ લિખિત ૧૧૭ વર્ષ જૂની નવલકથા ‘ભદ્રં ભદ્ર’ નો રસાસ્વાદ કરાવશે. સૌ સાહિત્ય અને કલારસિકોને પધારવા આયોજક સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અગાઉ સાહિત્યકાર ઉષાબેન ઉપાધ્યાયએ મુકુલ કલાર્થી દ્વારા અનુદિત કૃતિ ‘લોભ અને કરૂણા’નો રસાસ્વાદ કરાવ્યો હતો, આરતીબેન પટેલ (ગુજરાતી ફિલ્મ અભિનેત્રી)એ ‘ભાષા મારી ગુજરાતી છે’ શીર્ષક અંતર્ગત ગુજરાતી ભાષાની મહત્વતાની વાત કરી હતી, જાણીતા ફોટોગ્રાફર વિવેકભાઈ દેસાઈ ‘છબી કઈ રીતે જોવી’ અંતર્ગત ફોટો કઈ રીતે જોવાય તે વિષે સૌને જણાવ્યુ હતું અને જાણીતા પત્રકાર રમેશભાઈ તન્નાએ ‘પત્રકારત્વના પગલે પગલે‘ શીર્ષક અંતર્ગત તેમના પત્રકાર જીવનનાં અનુભવોનો અને હકારાત્મક પત્રકારત્વથી સમાજને થતાં ફાયદા વિષે જણાવ્યું હતું.

દર મહિનાનાં ત્રીજા શુક્રવારે ‘પરસ્પર’’નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ માતૃભાષા અભિયાન, ગુજરાત લિટરેચર ફેસ્ટીવલ, કનોરીયા સેન્ટર ફોર આર્ટ્સ અને ક્રિયેટીવ યાત્રા ડોટ કોમ ના સંયુક્ત ઉપક્રમે યોજાશે.